કાંસમાંથી માટીનો કાળો કારોબાર!

કાસદ ગામમાં સરકારી કાંસના ખોદકામને લઈને વિવાદ ઊભો થયો



ભરૂચઃ ભરૂચના કાસદ ગામમાં સરકારી કાંસના ખોદકામને લઈને વિવાદ ઊભો થયો છે. કાસદ અને મહુધલા ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ મંજૂરીની શરતોનો ભંગ, જરૂરિયાત કરતાં વધુ ઊંડું ખોદકામ અને પીળી માટીના વેચાણમાં ગેરરીતિના આક્ષેપો સાથે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. ખેડૂતોએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ખેડૂતોના આવેદનપત્રમાં જણાવાયું છે કે, સરકારી કાંસમાં 1.5 મીટરની ઊંડાઈ સુધી ખોદકામ કરવાની શરતી મંજૂરી આપવામાં આવી હતી. તેમ છતાં સ્થળ પર પાંચ મીટરથી વધુ ઊંડાઈ સુધી ખોદકામ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે કાંસમાંથી નીકળતી પીળી માટી પ્રતિ ડમ્પર આશરે રૂ.10 હજારમાં ચાવજ અને ઉમરાજ સહિતના વિસ્તારોમાં વેચવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં એક હજારથી વધુ ડમ્પર માટીનું પરિવહન થયું હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતોએ સરપંચ ઈમરાન ઈબ્રાહિમ પટેલ સહિત અન્ય વ્યક્તિઓ સામે ખોદકામ અને માટીના વેચાણને લઈને ગંભીર આક્ષેપો કર્યા છે. મંજૂરી મેળવવા માટે કાંસમાં પાણી ભરાવાથી ખેડૂતોના પાકને નુકસાન થતું હોવાની રજૂઆત કરવામાં આવી હોવાની પણ ખેડૂતોએ આશંકા વ્યક્ત કરી છે. આથી ખોદકામની મંજૂરી, માટીના જથ્થા અને તેના વેચાણ સામે મળતી રકમની સાથે સરકારી રોયલ્ટીની પણ તપાસ કરવાની માંગ ઉઠાવી છે.

કાયદેસરની મંજૂરી મેળવીને જ ખોદકામ કરાયું છે: સરપંચ ઇમરાન પટેલ

કાસદ ગામના સરપંચ ઇમરાન પટેલે ખેડૂતોના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતમાં ઠરાવ કર્યા બાદ ખાણ-ખનીજ વિભાગ અને મામલતદારની કાયદેસરની મંજૂરી મેળવીને જ ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ગામમાં લાંબા સમયથી પાણી ભરાવાની, ગટર ચોકઅપ થવાની અને ખેડૂતોનાં ખેતરોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા હોવાથી પાણીના નિકાલ અને ગ્રામજનોના હિતમાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે. વધુ પડતા ખોદકામના આક્ષેપોને પણ તેમણે નકારી કાઢ્યા હતા.

ખોદકામના સ્થળની આસપાસ કાસદ અને મહુધલા ગામની ફળદ્રુપ ખેતીની જમીનો આવેલી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ વધુ પડતા ઊંડા ખાડાઓને કારણે જમીનનું ધોવાણ થવાની અને આસપાસનાં ખેતરોને નુકસાન પહોંચવાની ભીતિ છે. ઉપરાંત કામગીરી શરૂ કરતાં પહેલાં અસરગ્રસ્ત ખેડૂતોને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ખેડૂતોએ કલેક્ટર સમક્ષ ખોદકામની કામગીરી તાત્કાલિક અટકાવી મામલતદાર, જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી અને સંબંધિત અધિકારીઓની સંયુક્ત ટીમ દ્વારા સ્થળ તપાસ કરાવવાની માંગ કરી છે. સ્થળ પર ખોદકામની વાસ્તવિક ઊંડાઈ અને માટીના જથ્થાની માપણી કરવા ઉપરાંત મંજૂરીના દસ્તાવેજોની ચકાસણી, સરકારી રોયલ્ટીની ગણતરી અને ગેરરીતિ જણાય તો જવાબદારો સામે દંડાત્મક તથા કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે.

બારડોલીના શાકભાજી માર્કેટ પાસેથી મોપેડની ચોરી

બારડોલીઃ બારડોલીના લક્ષ્મી ટ્રેડર્સ સામે આવેલા શાકભાજી માર્કેટ વિસ્તારમાંથી યુવાનનું મોપેડ ચોર ચોરી જતાં બારડોલી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પલસાણાના પિસાદ ગામના ૫૪ ફળિયામાં રહેતા અને વેપાર સાથે સંકળાયેલા ૨૩ વર્ષીય કુલદીપભાઈ કૈલાષભાઈ શર્મા ગત તા.૩૧ ઓક્ટોબરના રોજ બપોરે એક વાગ્યા પહેલાના અરસામાં બારડોલી આવ્યા હતા. તેમણે પોતાનું સફેદ કલરનું એક્ટિવા મોપેડ નં.(GJ 19 AN 6935) બારડોલીમાં લક્ષ્મી ટ્રેડર્સની સામે આવેલા શાકભાજી માર્કેટ પાસે જાહેરમાં પાર્ક કર્યું હતું. આ દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે તકનો લાભ ઉઠાવી રૂ.૪૦,૦૦૦ની કિંમતના આ એક્ટિવાની ચોરી કરી હતી. કુલદીપભાઈ શર્માએ આ અંગે ૧લી નવેમ્બરના રોજ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

કડોદરામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ


ઈલ્યાસ શેખ

પલસાણાઃ કડોદરા GIDC પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પોલીસે નાગરિકોના ખોવાયેલા કુલ ૬૬ મોબાઇલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત સોંપ્યા છે, જેની કુલ અંદાજિત કિં.રૂ.૧૩,૫૮,૫૦૦ થાય છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને સુરત ગ્રામ્યના પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. કામરેજ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક અને પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ.દેસાઇના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફના પો.કો. રૂડાભાઇ ભુરાભાઇ દ્વારા 'CEIR' પોર્ટલનો ઉપયોગ કરી સતત મોનિટરિંગ અને ટેક્નિકલ વર્કઆઉટ દ્વારા આ તમામ મોબાઇલ શોધી કાઢવામાં આવ્યા હતા.

માંગરોળની મોસાલી પ્રાથમિક શાળાનાં શિક્ષિકા કવિતાબેન ચૌધરી નિવૃત્ત થયાં

સુરતઃ સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મોસાલી પ્રાથમિક શાળા ખાતે 13 વર્ષ સુધી શિક્ષિકા તરીકે ફરજ બજાવનાર કવિતાબેન ગનાભાઈ ચૌધરી વય નિવૃત્ત થતાં તેમનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ મોસાલી પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોસાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી પ્રમુખ મકસુદ માંજરા (લાલભાઈ), તાલુકા પંચાયતના સભ્ય શીતલબેન વસાવા, મોસાલીનાં સરપંચ સવિતાબેન વસાવા, ઉપસરપંચ બિલાલભાઈ પાંચભાયા, પ્રેરણાબેન પઢિયાર, ઐયુબભાઈ ભૂલા, મોસાલી પ્રાથમિક શાળાના શિક્ષકો, સ્ટાફ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીની BABS હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ



બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલ, બારડોલી દ્વારા ધો.૯થી 12ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ઐતિહાસિક વારસો, સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓનો પ્રત્યક્ષ અનુભવ મળે તેવા ઉદ્દેશ સાથે યોજાયેલ આ પ્રવાસ જ્ઞાન અને આનંદની યાદગાર સફર બની રહ્યો હતો. આ પ્રવાસમાં કુલ 67 વિદ્યાર્થીઓ અને 6 શિક્ષકો બે બસો દ્વારા જોડાયા હતા. પ્રવાસ દરમિયાન ઉનાઈ, અજંતા-ઇલોરાની વિશ્વપ્રસિદ્ધ ગુફાઓ, બીબી કા મકબરા, દોલતાબાદનો ઐતિહાસિક કિલ્લો, ઘુષ્ણેશ્વર જ્યોતિર્લિંગ મહાદેવ મંદિર તથા ભદ્રા હનુમાન દાદાનાં મંદિર સહિત વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સ્થળોના ઐતિહાસિક મહત્ત્વ અને સાંસ્કૃતિક વારસાને નજીકથી જાણવાનો અવસર પ્રાપ્ત કર્યો હતો. શાળા મંડળના ચેરમેન અને મંત્રીના માર્ગદર્શન તેમજ શાળાનાં આચાર્યા ચેતનાબેન જે. અધેરાના માર્ગદર્શન હેઠળ પ્રવાસ કન્વીનર રાજેશભાઈ ચૌધરી અને તેમની ટીમ દ્વારા સમગ્ર પ્રવાસનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરની સંસ્કારદીપ સ્કૂલમાં કાર્યક્રમ



ભરૂચઃ અંકલેશ્વર GIDCમાં કાર્યરત ડી.એ.આનંદપુરા વિચાર મંચ માટે સંસ્કારદીપ સ્કૂલમાં 'ઔદ્યોગિક વિકાસ અને સામાજિક જવાબદારી' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના પૂર્વ કુલપતિ ડો.સુદર્શન ઐયંગરે સેમિનારમાં વક્તવ્ય આપ્યું હતું. ડો.ઐયંગરે ઔદ્યોગિક વિકાસની સાથે સામાજિક જવાબદારી, માનવીય મૂલ્યો અને સમાજ પ્રત્યેની ફરજો વિશે સચોટ સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વિકાસનો અર્થ માત્ર આર્થિક પ્રગતિ કે ઔદ્યોગિક વિસ્તરણ નથી, પરંતુ સમાજના દરેક વર્ગનું કલ્યાણ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ અત્યંત જરૂરી છે. વધુમાં તેમણે સારા વિચારો, સદભાવના અને સામાજિક સહયોગ અપનાવવા પર ભાર મૂક્યો હતો. સમાજમાં સકારાત્મક ફેરફાર માટે ઈર્ષ્યા અને અદેખાઈથી દૂર રહીને સારાં કામ કરનારને પ્રોત્સાહન આપવું જોઈએ. આ કાર્યક્રમમાં એન.કે.નાવડિયા, મનોજભાઈ આનંદપુરા, ડી.સી. સોલંકી સહિત ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, સામાજિક અગ્રણીઓ અને નાગરિકોએ મુક્ત મને ડો.ઐયંગરના વિચારો સાંભળ્યા હતા.

અંકલેશ્વર સ્ક્રેપ ડીલર એસોસિએશન દ્વારા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલનું સન્માન

અંકલેશ્વરઃ અંકલેશ્વરની અંસાર માર્કેટ ખાતે અંકલેશ્વર સ્ક્રેપ ડીલર એસોસિએશન દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્ય સરકારના જળસંપત્તિ મંત્રી અને પંડવાઈ સુગર ફેક્ટરીના ચેરમેન ઈશ્વરસિંહ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે પંડવાઈ સુગરના વાઇસ ચેરમેન સહિત ડિરેક્ટરોનું પણ સન્માન કરાયું હતું. આ સમારોહમાં રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, પંડવાઈ સુગરના વાઇસ ચેરમેન અરવિંદ પટેલ અને ડિરેક્ટર રાકેશ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્ક્રેપ ડીલર એસોસિએશનના પ્રમુખ રમેશ બોરા સહિત ભપજીભાઈ અને રફાકતભાઈના હસ્તે મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને સન્માન સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલે ઉપસ્થિત સભ્યોને સંબોધન કર્યું હતું. જ્યારે એસોસિએશનના પ્રમુખ રમેશ બોરાએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં સ્ક્રેપ ડીલર એસોસિએશનના હોદ્દેદારો, સભ્યો અને મોટી સંખ્યામાં સ્ક્રેપના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરના અંદાડાની આધ્યા હોમ્સ સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામે આવેલી આધ્યા હોમ્સ સોસાયટીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના કીમતી દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ જતાં સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો છે. એટલું જ નહીં તસ્કરોએ સોસાયટીનાં અન્ય બંધ મકાનોનાં તાળાં તોડવાનો પણ પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વરના અંદાડાની આધ્યા હોમ્સ સોસાયટીમાં રહેતા ભૌમિક પટેલ પોતાના મકાનને બંધ કરી વતન ગયા હતા. આ દરમિયાન તેમના પાડોશીએ ફોન કરીને મકાનનો દરવાજો ખુલ્લો હોવાની તેમજ ઘરની અંદર સામાન વેરવિખેર પડ્યો હોવાની જાણ કરી હતી. જેથી ભૌમિક પટેલ તાત્કાલિક ઘરે પરત દોડી આવ્યા હતા. મકાનમાં તપાસ કરતાં તસ્કરો ઘરમાંથી સોના-ચાંદીના કીમતી દાગીના અને રોકડ રકમ ચોરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને ચોરી અંગે તપાસ હાથ ધરી હતી. એક જ સોસાયટીમાં અન્ય બંધ મકાનોને પણ નિશાન બનાવવાનો પ્રયાસ થતાં રહીશોમાં ચિંતા સાથે સુરક્ષાને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

પરીઆમાં મકાનના ધાબા ઉપર જુગાર રમતા ૧૩ ખેલૈયા ઝડપાયા

પોલીસે જુગાર સ્થળેથી કુલ રૂ.૧.૯૭ લાખનો મુદ્દામાલ કબજે લીધો


જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ પોલીસે પરીઆ ગામની સીમમાં આવેલ એક સોસાયટીના મકાનના ધાબા ઉપર જુગાર રમતા ૧૩ શ્રમિકને રૂ.૧.૯૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

સાયણ આ.પો. ચોકીની પોલીસ ટીમ ગત તા.૧ ને રવિવારના રોજ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન પો.કો.પ્રતીક પ્રવીણને બાતમી મળી હતી કે, પરીઆની શ્રીવિનાયક સોસાયટીમાં મકાન નં.૧૩૦ના ધાબા ઉપર કેટલાક ઈસમો ગંજીપાના વડે રૂપિયાનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના પગલે પોલીસ ટીમે મકાનના ધાબા ઉપર રેઈડ કરતાં જુદી-જુદી ટેક્સટાઈલ યુનિટ્સમાં કામ કરતા ૧૩ પરપ્રાંતિ શ્રમિકો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે તમામ આરોપીનાં જુગારના દાવના રોકડા રૂ.૭,૩૦૦, ઝડતીના રોકડા રૂ.૧૯,૮૧૦,આરોપીઓના મોબાઈલ ફોન નંગ.૧૩, જેની કુલ રૂ.૬૦,૫૦૦, મો.સા.નંગ-૩, કિંમત રૂ.૧.૧૦ લાખ મળી કુલ રૂ.૧,૯૭,૬૧૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે રાજુ સુભાષ પ્રધાન(ઉં.વ.૩૨) (હાલ રહે.,૪૧૭, જગતનાથ એપાર્ટમેન્ટ, સાયણ), મુન્ના રામનાથ જૈના (ઉં.વ.૩૩) (હાલ રહે.,જલારામ નગર, ગણેશપુરા, અમરોલી), અક્ષય શ્યામલાલ બિન્દ (ઉં.વ.૩૩) (હાલ રહે.,૭, બિંધાતા નગર, ગણેશ ટેક્સટાઈલ્સ કંપનીની બાજુમાં, પીપોદરા), બાબુલાલ નારાયણ પ્રધાન (ઉં.વ.૪૬) (હાલ રહે., ૧૦૨, અંકુર હોટલની પાછળ, પરીઆ), નારાયણ રઘુનાથ નાહક (ઉં.વ.૪૪) (હાલ રહે.,૧૩૫, વિભાગ-૩, અંજની ઈન્ડસ્ટ્રિઝ, ગોથાણ), બાવરીબંધુ વિનાયક નાયક (ઉં.વ.૩૬) (હાલ રહે.,બિલ્ડિંગ નં.૨૧૪, રૂમ નં.૨૨, કોસાડ આવાસ, અમરોલી), ભરત ગૌરાંગ આપટ(ઉં.વ.૪૯) (હાલ રહે., ૩, સત્યમ એપાર્ટમેન્ટ, બોમ્બે માર્કેટ, સુરત), જગદીશ બાબુલાલ માછી (ઉં.વ.૩૭) (હાલ રહે.,બી-૩૮૨, સીતારામ-૨ સોસાયટી, અર્ચના સ્કૂલની બાજુમાં, વરાછા),કીત્તુ નાકા ગૌડા (ઉં.વ.૩૪) (હાલ રહે.,૧૩૦, વિનાયક સોસાયટી, પરીઆ), સંજીવ ગણેશ પત્રા (ઉં.વ.૫૦) (હાલ રહે., ૨૦૩, રંગનગર, માન સરોવર, અમરોલી), શંકર પ્રફુલ જૈના (ઉં.વ.૨૩)(હાલ રહે.,૩૦૮, રોયલ હોટલની પાછળ, સાયણ), અનિલ રવિન્દ્રનાથ પાત્ર (ઉં.વ.૩૨) (હાલ રહે., ૨૦૩, રંગનગર, અમરોલી) તથા સંતોષ યુધિષ્ઠિર પ્રધાન (ઉં.વ.૪૧) (હાલ રહે., ૧૩૦, વિનાયક સોસાયટી, પરીઆ) મળી કુલ ૧૩ જુગારીને ઝડપી લીધા હતા.



નર્મદા મૈયા બ્રિજ પર બાઈક ડિવાઈડરના કુંડા સાથે અથડાતાં યુવકનું મોત

ભરૂચઃ ભરૂચ અને અંકલેશ્વર શહેરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. બ્રિજના અંકલેશ્વર છેડે બાઈકચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક સીધી ડિવાઈડર પર મૂકવામાં આવેલા કુંડા સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકસવારને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં જીવ ગુમાવનાર વ્યક્તિની ઓળખ 37 વર્ષીય નવીનચંદ્ર પરમાર તરીકે થઈ છે. તેઓ મૂળ વડોદરા જિલ્લાના પાદરા વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર નવીનચંદ્ર પરમાર ઝઘડિયા ખાતે આવેલી આરતી ઈન્ડસ્ટ્રિઝમાં નોકરી કરતા હોવાનું સામે આવ્યું છે. આકસ્મિક મોતની આ ઘટનાને પગલે બ્રિજ પર પસાર થતા વાહનચાલકો અને આસપાસના લોકોમાં ચકચાર મચી ગઈ હતી. બનાવની જાણ થતાની સાથે જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો હતો. પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

નેત્રંગનાં બાળકોને જાતિના દાખલા માટે ઝઘડિયા સુધીના ધરમધક્કા!

નેત્રંગ મામલતદાર કચેરી મુખ્ય મામલતદાર અને ચાર નાયબ મામલતદાર વગર ચાલે છે, ૭૮ ગામની જનતા હેરાન

નેત્રંગઃ નેત્રંગ તાલુકામાં ૭૮ ગામની જનતાનાં કામો ઘરઆંગણે ઝડપી અને ઓછા ખર્ચે થાય તે માટે વર્ષ-૨૦૧૪થી મામલતદાર કચેરી સહિત અન્ય કચેરીઓ શરૂ કરવામાં આવી છે, પરંતુ મહેકમ મુજબ પૂરતો સ્ટાફ મૂકવામાં આવતો ન હોવાથી પ્રજા હેરાનપરેશાન થઈ રહી છે.

તાલુકા મથકે આવેલી રેફરલ હોસ્પિટલમાં ઉદઘાટનના દિવસથી જ મુખ્ય અધિક્ષક વર્ગ-૧ની જગ્યા આજદિન સુધી ખાલી છે. તેવી જ રીતે તાલુકાના તમામ મહત્ત્વનાં કામો થતા હોય તેવી મામલતદાર કચેરીમાં આજની તારીખે મુખ્ય મામલતદાર, નાયબ મામલતદાર મહેસૂલ વિભાગ, નાયબ મામલતદાર પુરવઠા વિભાગ અને નાયબ મામલતદાર મધ્યાહન ભોજન / એટીવીટી મળી કુલ પાંચ જેટલી મહત્ત્વની જગ્યાઓ ખાલી પડી છે.

મુખ્ય મામલતદારનો ચાર્જ છેલ્લા કેટલાક વખતથી ઝઘડિયાના મામલતદારને અને અન્ય નાયબ મામલતદારોનો ચાર્જ નેત્રંગ કચેરીના હયાત નાયબ મામલતદારને આપવામાં આવ્યો છે. જેના કારણે સ્ટાફથી લઈને ૭૮ ગામની આમ જનતાને નજીવા કામ માટે પણ રોજેરોજ ધરમધક્કા ખાવા પડી રહ્યા છે.

ખાસ કરીને ભણતાં બાળકોને જાતિનો દાખલો મેળવવામાં વધુ તકલીફ પડી રહી છે. ઈનચાર્જ મામલતદાર પાસે કાગળો લઈ ઝઘડિયા સુધી જવું પડે છે. બે તાલુકાનો કાર્યભાર એક જ મામલતદારના શિરે નાંખી દેતાં તંત્ર સામે મામલતદાર સહિત પ્રજા પણ તોબા પોકારી ઊઠી છે. નજીકના દિવસોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, તેવા સંજોગોમાં નેત્રંગ મામલતદાર કચેરીમાં મહેકમ મુજબનો સ્ટાફ તાત્કાલિક મૂકવામાં આવે તેવી માંગ સાથે નાયબ કલેક્ટર ઝઘડિયા અને જિલ્લા કલેક્ટર ભરૂચ ૭૮ ગામની પ્રજા અને સ્ટાફની તકલીફો ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી કરે તેવી ચર્ચા આમ જનતામાં થઈ રહી છે.

બહેજ ગામના કોતર ફળિયામાં દીપડી અને બચ્ચું પાંજરામાં કેદ

બંનેને ઘાટના જંગલમાં સુરક્ષિત રીતે છોડવામાં આવશે



વાલોડઃ વાલોડના બહેજ ગામના કોતર ફળિયામાં છેલ્લા બે દિવસથી દીપડાની અવર-જવરથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો, જેનો વનવિભાગે સફળતાપૂર્વક અંત આણ્યો છે. દિવ્યેશભાઈ હરીશભાઈ ગામીતના ઘર પાસે દીપડો આવી જતાં ગ્રામજનોએ વનવિભાગને જાણ કરી હતી. તે સમયે વાલોડ વનવિભાગ અને RCSSG ટીમ દ્વારા દીપડાના બચ્ચાને સુરક્ષિત રીતે તેની માતા સાથે મિલન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પાંજરૂ ગોઠવવામાં આવતા આખરે બચ્ચુ અને દીપડી પાંજરે પુરાયાં હતાં.

પ્રાપ્ત વિગત મુજબ વાલોડ તાલુકાના બહેજ ગામમાં સતત દીપડાની અવરજવરને ધ્યાનમાં રાખી તા.31/10/2026 ના રોજ વનવિભાગ દ્વારા સ્થળ પર પાંજરું મૂકવામાં આવ્યું હતું. અને રવિવારે સાંજે 7:30 કલાકે 1 વર્ષનું દીપડીનું બચ્ચું પાંજરામાં પુરાઈ ગયું હતું.

આ અંગે વાલોડ વનવિભાગ અને RCSSG ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈનચાર્જ RFO સમીર કોંકણીને જાણ કરી હતી. તેમના માર્ગદર્શન મુજબ બચ્ચું પકડાયું હોવાથી બીજું પાંજરું મુકાવવામાં આવ્યું હતું અને માત્ર 10 જ મિનિટમાં બચ્ચાની માતા, અંદાજિત 4 થી 5 વર્ષની દીપડી પણ પાંજરે પુરાઈ ગઈ હતી. ઘરમાલિકના જણાવ્યા મુજબ ત્યાં 2 બચ્ચાં હોવાથી બીજા બચ્ચાને પકડવા માટે ત્રીજું પાંજરું પણ મૂકવામાં આવ્યું હતું અને ત્યાં જ રાહ જોવામાં આવી હતી, પરંતુ તે ન આવતા હાલ બંને પકડાયેલી દીપડીને વાલોડ નર્સરી ખાતે રાખવામાં આવી છે. આગામી કાર્યવાહી અંતર્ગત પશુ ચિકિત્સક દ્વારા તપાસ કર્યા બાદ DCF વનીકરણ, સુરત ના માર્ગદર્શન હેઠળ બંનેને ઘાટના જંગલમાં સુરક્ષિત રીતે છોડવામાં આવશે મુજબનું જાણવા મળે છે.

બારડોલીના મોતામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બારડોલીઃ બારડોલીના મોતા ગામના જીન ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય યુવાને અગમ્ય કારણસર પોતાના જ ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે બારડોલી રૂરલ પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીના મોતાના જીન ફળિયામાં સંજયભાઈ રવજીભાઈ હળપતિ (ઉં.વ.૨૮) તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત તા.૧ નવેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યાના અરસામાં તેમણે પોતાના ઘરના રૂમમાં અગમ્ય કારણસર છતની લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ કરુણ ઘટનાને પગલે હળપતિ પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ બનાવ સંદર્ભે મરણ જનાર યુવાનની પત્ની સેજલબેન સંજયભાઈ હળપતિ દ્વારા બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં તે જ દિવસે રાત્રે ૮:૪૦ વાગ્યે સત્તાવાર રીતે જાણ કરવામાં આવી હતી. પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં બારડોલી રૂરલ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રતિન ઓવરબ્રિજ રિક્ષા અને ટુ-વ્હીલર માટે ખુલ્લો રાખવા અપીલ

દિવાળીના તહેવારને ધ્યાને રાખી નોટિફાઇડના ચેરમેન પ્રબોધ પટેલની અપીલ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના પ્રતીન ઓવરબ્રિજ પર તાજેતરમાં એક વિશાળકાય વાહન પસાર થવાના કારણે બ્રિજના નીચેના ભાગને નુકસાન પહોંચ્યું હતું. આ ઘટનાને પગલે વહીવટી તંત્ર દ્વારા સલામતીનાં કારણોસર બ્રિજ પરથી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, બ્રિજ બંધ રહેવાના કારણે અંકલેશ્વર પંથકના હજારો કામદારો, ઉદ્યોગપતિઓ તેમજ ટ્રાન્સપોર્ટરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે લોકોની અવરજવરની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને અંકલેશ્વર નોટિફાઇડ એરિયા ઓથોરિટીના ચેરમેન પ્રબોધ પટેલ દ્વારા વહીવટી તંત્રને ખાસ અપીલ કરવામાં આવી છે કે દિવાળીના તહેવાર દરમિયાન પ્રતિન ઓવરબ્રિજને ઓછામાં ઓછું રિક્ષા અને ટુ-વ્હીલર વાહનોની અવરજવર માટે ચાલુ રાખવામાં આવે. બ્રિજ બંધ હોવાના કારણે રોજિંદા કામકાજ માટે અવરજવર કરતા શ્રમિકો અને નોકરિયાત વર્ગને લાંબો ચક્કર કાપવો પડી રહ્યો છે. જેના કારણે સમય અને નાણાંનો બગાડ થવાની સાથે ઔદ્યોગિક પ્રવૃત્તિઓને પણ અસર થઈ રહી છે. પ્રબોધ પટેલે જનહિત અને દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને બ્રિજની સલામતી અંગે જરૂરી તકેદારી સાથે રિક્ષા અને ટુ-વ્હીલર માટે અવરજવર શરૂ કરવાની વ્યવસ્થા કરવા તંત્ર સમક્ષ અપીલ કરી છે.

આફવા ગામે બીમારીથી કંટાળી યુવાનનો આપઘાત

બારડોલીઃ આફવા ગામે રહેતા અને લાંબા સમયથી બીમારીથી પીડાતા એક ૨૦ વર્ષીય યુવાને કંટાળીને ઘાસ મારવાની ઝેરી દવા ગટગટાવી લેતાં સુરતની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બારડોલીના આફવા ગામના પાદર ફળિયામાં રહેતો હિમાંશુભાઈ સુરેશભાઈ ઢોડિયા (ઉં.વ.૨૦) બીમાર રહેતો હતો. તેના શરીરમાં લોહીમાં સફેદ કણ ઓછા હોવાની બીમારીથી તે પીડાઈ રહ્યો હતો. પોતાની આ શારીરિક તકલીફ અને બીમારીથી સતત પરેશાન રહીને કંટાળી ગયેલા હિમાંશુએ ગત તારીખ ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં ઘાસ મારવાની ઝેરી દવા પી લીધી હતી. આથી તેને તાત્કાલિક સારવાર અર્થે સુરતની મૈત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તા.૧ નવેમ્બરના રોજ વહેલી સવારે પાંચ વાગ્યે તેનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના અંગે મરણ જનારના કાકા શૈલેષભાઈ મંગુભાઈ ઢોડિયા (રહે.,નવું ફળિયું, આફવા) એ બારડોલી રૂરલ પોલીસ મથકે જાણ કરી હતી. બારડોલી રૂરલ પોલીસે શૈલેષભાઈની જાહેરાતના આધારે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જયદેવભાઈ રાણાભાઈ ચલાવી રહ્યા છે.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion 12:00pm, 06:00pm
Rajni The Jailer 2 10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Nayyi Navelli - 04:00pm
Street Fither - 11:00am, 05:00pm
Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333